## હરિની દૃષ્ટિ...
- હરિન ભટ્ટ



બીજા પક્ષવાળા કહે છે કે કમાને મુખ્ય પ્રધાન બનાવશું... અમારે એ જરૂર નહી પડે... અમારી પાસે ઘણાં છે....!!

# જીલ્લા પંચાયત પાસે કારનો કાચ તોડી રૂ.૧.૭૩ લાખની ચોરી

### જાનૈયાઓના ૨૭ જોડી કપડા, દાગીના અને રોકડ અને મેકઅપની કીટ લઈ ચોર શખ્સો ફરાર

ગાંધીનગર, તા.૨૮
શહેરના સેક્ટર-૧૭ જિલ્લા પંચાયત પાસે પાર્ક કરેલી ગાડીના કાચ તોડી જાનૈયાઓના ૨૭ જોડી કપડા, સોનાની બુટ્ટી, રોકડ રકમ અને મેકઅપની કીટ સહિતના સામાનની ચોરી થવા પામી છે. ત્યારે સેક્ટર-૨૧ પોલીસે ૧.૭૩ લાખની ચોરીનો ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે. સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ત્યારે લગ્નસરાની મૌસમમાં કાચ તોડી ચોરી કરતી ગેંગ સક્રિય થઈ હોય તેમ લાગી રહ્યું છે. ચિલોડા ચૈતન્ય ધામ પાસે પાર્ક કરેલી ફોરચ્યુનર કારનો કાચ કાપી તેમાંથી સોનાના દાગીના, રોકડ રકમ સહિત રૂ.૩ લાખની મત્તાની ચોરી થઈ છે. ત્યારે આ પ્રકારની ઘટના સેક્ટર-૧૭ ખાતે બનવા પામી છે. જેમાં જિલ્લા પંચાયત પાસે પાર્ક કરેલી કારનો કાચ તોડી તેમાંથી જાનૈયાઓના ૨૭ જોડ કપડા, દાગીના, તેમજ કોસ્મેટીક ૬ કીટ સાથેના ૯ થેલા ચોરી કરી ફરાર થઈ ગયા છે. ત્યારે કડી વિસ્તારમાંથી જાનમાં આવેલા કેટલાક જાનૈયાઓ મુશ્કેલીમાં મુકાયા હતા. મહેસાણા જિલ્લાના કડીના ગોવિંદપુરા ગામના મહેન્દ્ર પ્રવિણભાઈ પટેલ ગઈકાલે સવારે છ વાગે સુમારે પિતરાઈ ભાઈ દિક્ષિતના લગ્ન પ્રસંગમાં સમાજના ભાઈબહેનો અને સગાવ્હાલા વિવિધ ગાડીઓમાં જાન લઈને ગાંધીનગર સેક્ટર-૧૭ જિલ્લા પંચાયત પાસે આવ્યા હતા. લગ્ન સ્થળની નજીક જિલ્લા પંચાયત માર્ગ પાસે ગાડીઓનો ખડકલો સર્જાયો હતો. ગાડીમાં લગ્ન પ્રસંગનો સરસામાન, તેમજ બદલવા માટેના કપડા, કોસ્મેટીક સહિત અન્ય સામાન પડ્યો હતો. જાનૈયાઓ લગ્ન સ્થળે પહોંચ્યા હતા. ત્યારબાદ બપોરના એકવાગે મહેન્દ્રભાઈનો ભાઈ વિનુ ગાડીમાંથી કપડા બદલીને પરત ફર્યો હતો. તે સમયે જાનમાં મહુવાથી આવેલા જાનૈયાઓના કપડા બેગમાં ગાડીમાં પડી હતી.જેઓને બારોબાર મહુવા જવાના હોવાથી કપડાની બેગો ગાડીમાંથી કાઢી આપવાનું કહેતા મહેન્દ્રભાઈએ ગાડીની ચાવી ભાણા કૌશિકને આપી હતી. ત્યારે ગણતરીના સમયમાં કૌશિક પરત આવીને કહ્યું કે અલ્ટો અને ઈનોવા કારના કાચ તુટેલા છે. જેથી તમામ વ્યકિતઓ ગાડી પાસે દોડી આવીને જોયુ તો અંદરથી બેગો ચોરાઈ ગઈ હતી. એક ગાડીમાંથી સાત બેગ માં રાખેલા લેડીઝ અને જેન્ટ્સના ૨૭ જોડી કપડા સહિત સોનાના દાગીના,રોકડા રૂપીયા અને મેકઅપની ચીજવસ્તુઓની ચોરી થઈ હતી. બનાવ અંગે પોલીસે રૂ.૧.૭૩ લાખની ફરીયાદ નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

## સાંતેજ પોલીસ મથકના પ્રોહીના ગુનામાં નાસતો ફરતો આરોપી ઝડપાયો



ગાંધીનગર, તા.૨૮
ગાંધીનગર જિલ્લાના સાંતેજ પોલીસ મથકના પ્રોહીના ગુનામાં નાસતા ફરતા આરોપી રણધિરસિંહ ઉર્ફે ભોલો જાલમસિંહ ગેમરસિંહ ઝાલા (રહે કટોસણ ગામ) ને સાંતેજ કોડારી ચોકડીથી એલસીબી પોલીસની મહિલા ટીમે પકડી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## મેવા સંસ્થાના હોદેદારોની વરણી

ગાંધીનગર,તા.૨૮
ગાંધીનગરમાં આવેલી મુસ્લિમ એજ્યુકેશન એન્ડ વેલફેર એસોસિએશન (મેવા) સંસ્થાની તાજેતરમાં મળેલી કારોબારી સમિતિની બેઠકમાં સર્વ સંમતિથી સંસ્થાના નવા હોદેદારોની વરણી કરવામાં આવી છે. સંસ્થાના પ્રમુખ તરીકે ઉસમાનખાન યુ.રાઠોડ અને ઉપપ્રમુખ તરીકે અયનલહુસેન એમ કાદરીની વરણી કરવામાં આવી છે. જયારે સંસ્થાના જનરલ સેક્રેટરી પદ પર યુનુસસલીમ સૈયદ તેમજ જોઈન્ટ સેક્રેટરી તરીકે રફીકભાઈ આઈ.મનસુરીની વરણી કરાઈ છે.

સંસ્થાના ખજાનચી પદે રોશનશાહ ફકીરની વરણી કરવામાં આવી છે. જયારે સંસ્થાના આંતરીક ઓડીટર તરીકે યુસુફભાઈ એફ મનસુરીની સર્વસંમતિથી વરણી કરવામાં આવી છે. આ સાથે સંસ્થાના ટ્રસ્ટી પદે અહેમદઅલી સૈયદ અને રજાકભાઈ પઢીયારની સર્વાનુમતે વરણી કરવામાં આવી છે.

## રાહેલબા વૃધ્ધાશ્રમ મગોડી ખાતે અશક્ત વડીલોનું નિ:શુલ્ક મેડીકલ ચેકઅપ યોજાયો



ગાંધીનગર, તા. ૨૮
જનસેવા એજ પ્રભુ સેવાના સુત્રને ચરિતાર્થ કરવા ચિલોડા દ્વારકેશ પેથોલોજી લેબોરેટરી અને આશીર્વાદ કલીનીકના ડૉ. પ્રતિક પટેલ દ્વારા ડાયાબિટીસ અને બ્લડપ્રેસરના નમુના લઈ રીપોર્ટ તૈયાર કરી મેડીકલ ડૉકટર પ્રતિકભાઈ દ્વારા બીજા દિવસે મેડીકલ નિ:શુલ્ક નિદાન-સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.

જરૂરિયાતમંદ લાભાર્થીઓને દવા અને સારવાર અંગે જરૂરી માર્ગદર્શન આપ્યુ હતુ. આ કેમ્પમાં ચિલોડાના અગ્રણી તથા પેરાલીગલ વૉલન્ટીયર નટુભાઈ દ્વારા પ્રેરણાદાયી સલાહ-સૂચનો દ્વારા સહયોગી બન્યા હતા.

## ખૂણેખાંચરેથી

●ગાંધીનગરના ઘ રોડ પર વીજ થાંભલા બદલવાની કામગીરી ચાલી રહી છે.

●ગાંધીનગર શહેરમાં ઠંડીનું પ્રમાણ વધતાં શિયાળાના વસાણાની ઘરાકીમાં વધારો જોવા મળી રહ્યો છે.

● શહેરમાં લીલા શાકભાજી અને ખાસ કરીને સિઝનલ ભાજીઓના વેચાણમાં વધારો થયો છે.

● ગાંધીનગર શહેર-જિલ્લામાં કોરોનાનો એક પણ કેસ નોંધાયો નથી.

●ગાંધીનગર તાલુકામાં ગલુદણ ગામે મતદાન કરવા માટે શપથ કાર્યક્રમ યોજાયો હતો.

●કલોલમાં ચૂંટણીને લઈ પોલીસે ફ્લેગમાર્ચ યોજી હતી.

●ચૂંટણીપંચે ઓબ્ઝર્વર સાથે આજે વિડીયો કોન્ફરન્સ યોજી સર્વગ્રાહી સમીક્ષા કરી હતી.

●ગાંધીનગરમાં સચિવાલય તેમજ જિલ્લાની કચેરીઓમાં મુલાકાતીઓની સંખ્યા ઘટી છે.

● ગાંધીનગર જિલ્લામાં તંત્ર પણ ચૂંટણીની તૈયારીમાં ગળાડુબ બન્યુ છે.

●આજે રાજયના મુખ્ય ચૂંટણી અધિકારી સુશ્રી પી.સી. ભારથી જિલ્લાના અધિકારીઓ સાથે સમીક્ષા કરશે.

●ગાંધીનગર જિલ્લામાં મતદારોની નિરસતાએ રાજકીય ગલિયારીઓમાં ચર્ચાનો મુદ્દો બન્યો છે.

●સે. ૭માં નવા નોંધાયેલા મતદારોને વસાહત મંડળ દ્વારા અભિવાદન કાર્યક્રમનું આયોજન છે.

## ગાંધીનગર (દક્ષિણ)ની બેઠક પર કોંગ્રેસના ઉમેદવારને ભારે આવકાર



ગાંધીનગર, તા. ૨૮
ગાંધીનગર દક્ષિણ વિધાનસભા-૩૫ની બેઠકમાં મુખ્યત્વે રાષ્ટ્રીય પક્ષો સહિત અન્ય પક્ષોએ ઉમેદવારી નોંધાવી મહાસંગ્રામમમાં ઝંપલાવ્યુ છે. જેમાં મુખ્યત્વે ભાજપના અલ્પેશભાઈ ઠાકોર અને કોંગ્રેસમાં હિમાંશુભાઈ પટેલ દ્વારા ૩૫૧ બુથ-મત વિસ્તારમાં સૌથી મોટો મતક્ષેત્ર અને મતદારો ધરાવતો વિધાનસભાની બેઠકમાં ખરાખરીનો જંગમાં પ્રચાર ડોર ટુ ડોર, સભાઓ, ખાટલા પરિષદો, બાઈકરેલી, લોકસંપર્ક રાઉન્ડ, ગ્રુપ મિટિંગો, સોશિયલ મિડિયા દ્વારા મતદારોને રીઝવવા પ્રયાસ થઈ રહ્યો છે. ત્યારે બંને પક્ષોના ટેકેદારો, સમર્થકો, પક્ષીય કાર્યકરો દ્વારા મતદારોનો સંપર્ક બુથલેવલે એડીચોટીનું જોર લગાવી રહ્યા છે.

ઉત્યારે બન્ને સક્ષમ ઉમેદવારોને સ્વાગત-આગતા-સ્વાગતા આવકાર આપી સમર્થન દર્શાવી રહ્યા છે. ગ્રામ્યકક્ષાએ ગામે ગામે હોર્ડિંગ્સ, બેનરો અને પોસ્ટરો, તોરણો દ્વારા રાજકીય રંગ જમાવવા મથામણ કરી રહ્યા છે. જ્યારે કોંગ્રેસના મજબૂત ઉમેદવાર હિમાંશુભાઈ પટેલને ફૂલોથી સોળેકળાએ શણગારની પીળા કલરના ફૂલોથી અનોખી ચાદરરૂપે સુગંધદાર ચૂંટણીની સોડમથી આવકાર આપી સમર્થનનો પ્રતિભાવ વ્યક્ત કરવામાં આવ્યો છે.

## ચિલોડા સર્કલ પાસે ટ્રક અને કાર વચ્ચે અકસ્માત

ચિલોડા, તા. ૨૮
ગાંધીનગર જિલ્લાના મુખ્ય પ્રવેશદ્વાર સમા ચિલોડા સર્કલે નેશનલ હાઈવે તથા દહેગામ, સાદરા-હિંમતનગર, ગાંધીનગર તેમજ ચિલોડા સર્કલની ત્રિફેટે ગાંધીનગર જવાના માર્ગ પર ટ્રક અને કાર સાથે અકસ્માત સર્જાતા લોકો દોડી આવ્યા હતા. આ સમય દરમ્યાન ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાયા હતા. ગાંધીનગર જવાના માર્ગ પાસે એક કોમ્પલેક્ષ, ખાનગી વાહનોનું પાર્કિંગ, યોગી બસ વાહનનું પાર્કીંગ વગેરે વાહનોની લાંબી કતારો અને આ સ્થળે શોર્ટકટ વળાંકમાં અનેક વાહનો સાથે નાના-મોટા અકસ્માતોનો ભય સતાવતાં અવરજવર કરતાં રાહદારીઓને સાવચેતથી પસાર થવું પડે છે. આ સ્થળે સારી વ્યવસ્થા કરવી જરૂરી માંગ ઉઠવા પામી છે.

## સે. ૨ સ્વામિનારાયણ મંદિરનો પાટોત્સવ ધામધૂમથી ઉજવાયો

ગાંધીનગર, તા. ૨૮
શ્રી નરનારાયણદેવ મહિલા મંડળ, સેક્ટર-૨, ગાંધીનગરના યજમાન પદ હેઠળ શ્રી સ્વામિનારાયણ મંદિર સેક્ટર-૨નો ૨૩મો વાર્ષિક પાટોત્સવ ખુબ ધામધૂમથી અને ભવ્ય રીતે ઉજવાયો હતો. જેમાં શ્રી નરનારાયણ દેવ, શ્રી ઘનશ્યામ મહારાજ, શ્રી રાધાકૃષ્ણ દેવ, શ્રી હનુમાનજી મહારાજ, શ્રી ગણપતિજી તેમજ શ્રી સિદ્ધેશ્વર મહાદેવજીને અભિષેક કરી અન્નકૂટ ધરાવવામાં આવ્યો હતો.


**This may be published in Newspapers and TV from the day following the last date for withdrawal of candidature and upto two days before the date of poll. Format-C-1**

***(for candidate to publish in Newspapers,TV)***

**Declaration about criminal cases**

*(As per the judgment dated 25th September, 2018 of Hon'ble Supreme Court in WP (Civil) No.536 of 2011(Public Interst Foundation & Ors. Vs. Union of India & Anr.)*

Name and Address of candidate : ALPESHKUMAR NARESHBHAI PATEL

Name of the Political Party : AAM AADMI PARTY

(Independent Candidates should write "Independent" here)

Name of the Election : GUJARAT LEGISLATIVE ASSEMBLY

* Name of the constiuency : 33 - PRANTIJ

I **ALPESHKUMAR NARESHBHAI PATEL** (name of candidate), a candidate for the above mentioned election, declare for public information the following details about my criminal antecedents :

**(A) Pending criminal cases**

| Sl.No. | Name of Court | Case No. and dated | Status of case(s) | Section(s) of Acts concerned and brife description of offence(s) |
|---|---|---|---|---|
| 1 | 3rd Addl.Civil Judge a JMPC | 236/2020 08/01/2020 | Evidence of Prosecution | Negotiable Instrument Act.1881 Section-138 |

**(B) Details about cases of conviction for criminal offences**

| Sl.No. | Name of Court & date(s) of order(s) | Description of offence(s) & Punishment Imposed | Maximum Punishment Imposed |
|---|---|---|---|
| Nil | NIL | NIL | NIL |

* In the case of election to Council of States or election to Legislative Council by MLAs, Mention the election concerned in place of name of constituency.



